

# તુણિયો સરદાર

સવારનો સમય હતો. મિયાં ફુસકી ઝટ ઝટ ઠાકોરના ઘરે ગયા.

ભટજી ત્યાં બેઠા હતા. દલાશેઠ પણ દેખાયા.

રાજપરના ઠાકોરે તભા ભટને પણ બોલાવ્યા હતા.

ઠાકોરે કહ્યું : “ભટજી, કાલ સવારમાં વડોદરા જાઓ. મગન દરજીને ત્યાં કપડાં સીવવા આપ્યાં છે એ લેતા આવો અને પાવાગઢ જઈ આવો. ભદ્રકાળી માતાને થાળ ધરાવતા આવો. શિવલાલ બરફીવાળાને ત્યાંથી બે કિલો બરફી લઈ લેજો.”

ફુસકી મિયાં બોલી ઊઠ્યા : “બે કિલો શું, આપણે પાંચ કિલો લઈ લેશું. મોજથી પ્રસાદ ખાઈશું અને વહેંચીશું.”

ભટજી બોલ્યા : “તમને અહીં જ પ્રસાદ મળી જશે.”

મિયાં બોલ્યાઃ કાં?


ભટજી કહે : “તમારે સાથે નથી આવવાનું.”

મિયાં બોલ્યા : “કાં?”

ભટજી કહે : “તમે સીધા ચાલતા નથી. કંઈ ને કંઈ અડપલું કરો છો અને અમારાં કાળજાં ફફડાવી મૂકો છો.”

મિયાં હસી પડ્યા અને બોલ્યા : “લો, હવે પૂછો કે અમે કેમ હસ્યા?”

ભટજી ચિડાઈને બોલ્યા : “કહો, કેમ હસ્યા?”



મિયાંએ કહ્યું : “તમે છો બામણ. મફતના લાડુ જમી જમીને તમારું કાળજું એવું પોચું બની ગયું છે કે વાત વાતમાં ફફડી જાય છે. તેથી જ અમે તમારી સાથે રહીએ છીએ. અમે સાથે ના હોઈએ તો તમારું કાળજું ફફડીને ઠપ થઈ જાય તો શું થાય?”

ભટજી કહે : “શું થાય?”

મિયાંએ ઠાકોર સામે જોઈને કહ્યું : “જોયું ને! આ ભોળા ભટજીને એની પણ ખબર નથી કે કાળજું ફફડે એ સમયે કોઈ શૂરવીર માણસ સાથે હોય તો એ ફફડાટ હટાવી દે અને તે મરતો બચી જાય. માટે અમે સાથે આવીએ છીએ.”

ઠાકોર બોલ્યા : “એ વાતનો વાદવિવાદ કરવો નથી. તૈયાર થઈને ઊપડી જાઓ.

મિયાં બોલ્યા : “એ વાત સાચી. નકામાં કાળજાં ફફડાવવાં નહીં. આપણે આપણું કામ કરવું. જ્યાં ભટજી ત્યાં અમે.”

બીજા દિવસે ફુસકી મિયાં અને તભા ભટ ઊપડ્યા. વડોદરા પહોંચી ગયા. મગન દરજીને કહી દીધું કે ઠાકોરનાં કપડાં તૈયાર રાખજો. શિવલાલ બરફીવાળાને ત્યાંથી બરફીનું ખોખું બંધાવી લીધું. બસમાં બેઠા અને પાવાગઢ પહોંચ્યા. પાવાગઢની ટોચ પર માતાજીના મંદિરે જઈને બરફીનો થાળ ધરાવ્યો. નાળિયેર વધેરીને કોપરાની પ્રસાદી સાથે બરફી ખાવાની મઝા પડી. મંદિરના કોટ પર બેસી ચારેબાજુનો દેખાવ જોવાની ભારે મઝા પડે છે.

ફુસકી મિયાં બોલ્યા : “ભટજી! લીલાં લીલાં ખેતર કેવાં લાગે છે? ઝાડની લીલી ઘટામાં પેલું વાદળી પાણી કેવું સરસ દેખાય છે?

પાસે જ એક ભીલ ઊભેલો. તે બોલી ઊઠ્યો : “એ હરણિયું તળાવ છે. એની ચારે બાજુ ગીચ ઝાડી છે.”

મિયાં બોલ્યા : “હરણિયું તળાવ એટલે?



ભીલ કહે : "ત્યાં હરણનાં ટોળાં રહે છે. ત્યાં રહેનારા ભીલ હરણને મારતા નથી કે મારવા દેતા નથી. તેથી ત્યાં દિવસે પણ હરણ ફરતાં રહે છે. એ તળાવનું પાણી પીને કિનારે ઝાડની છાયામાં બેસે છે."


ફુસકી મિયાં બોલ્યા : "ભટજી! વાત સાંભળી તમે? હરણ જોયાં છે?"

ભટજી કહે : "પ્રાણીબાગમાં કેટલીયે વાર જોયાં છે."

મિયાં કહે : "છો ને મૂરખા?"

ભટજી કહે : "કાં?"

મિયાં કહે : "એમ તો અમેય હજારો વાર હરણાં જોયાં છે. હરણ તળાવના કિનારે પાણી પીતાં અને વનમાં હરતાં-ફરતાં હરણ જોયાં છે? કહો ને કે નથી જોયાં. બોલો બોલો!"



ભટજી કહે : "હા, નથી જોયાં. પછી?"

મિયાં કહે : "તો હવે આટલે સુધી આવ્યા છીએ તો તળાવમાં પાણી પીને કિનારે હરતાં-ફરતાં હરણ જોતા જઈએ."

ભટજી ચિડાઈને બોલ્યા : "અહીં આપણે હરણ જોવા નથી આવ્યા. કપડાં લેવા માટે આવ્યા છીએ."

ફુસકી મિયાં કહે : "એકમાં બે કામ કરે એ માણસ ચતુર કહેવાય."

તભા ભટ કહે : "પહેલાં પાવાગઢ નીચે ઊતરીએ. પછી વિચાર કરીશું."

પાવાગઢ ઊતરીને નીચે ગયા.

હરણિયા તળાવ જોવા ચાલતા થયા.

મારગમાં ખેતરો, વાડીઓ અને ખજૂરીનાં ઝાડની ઘટા આવતી હતી. વચમાં કોઈ ગામડું કે રહેઠાણ આવ્યાં જ નહીં. કોઈ કોઈ ભીલ ખેડૂત સામે મળતા હતા.

તળાવની ચારેબાજુ ગીચ ઝાડી હતી. એમાં થઈને તળાવના કિનારે જઈ શકાતું. ઝાડની ઘટામાં થઈને કિનારા નજીક ગયા કે તળાવનું પાણી દેખાણું. ભટજી ઊભા રહી ગયા અને બોલી ઊઠ્યા : "અરે! પેલું શું?"

મિયાં સાથે ભટજી ઊભા રહી ગયા.

ફુસકી મિયાં બોલ્યા : "એ જ હરણ છે."

ભટજી કહે : "આપણને જોઈને ભાગતું નથી કેમ?"

ફુસકી મિયાં જરા હસીને બોલ્યા : "ભટજી! તમે પોથી વાંચી વાંચીને ઘરડા થવા આવ્યા, પણ અક્કલની એક નાનકડી વાત તમે સમજતા નથી. આ હરણ બીએ એવું નથી."



ભટજી બોલ્યા : “હરણ અને સસલાં ભારે બીકણ હોય છે. હવાથી ઝાડનાં પાંદડાં ખખડે તો પણ ફડકીને ભાગવા માંડે.”

ફુસકી મિયાં કહે : “એ જ સમજવાની વાત છે ને! આ હરણ એવું બીકણ નથી કે એમ બીને એ ભાગે. એ માણસથી ડરતું નથી.”

ભટજી બોલી ઊઠ્યા : “જુઓ, જુઓ! હરણે હવે આપણને જોયા. ભાગવા માટે ઊંચું-નીચું થાય છે.”

ફુસકી મિયાં બોલ્યા : “હા... અને જુઓ ભટજી! એ ભાગવા જાય છે પણ ભાગી શકતું નથી. એનો એક પગ કશાકમાં ભેરવાઈ ગયો હોય એમ લાગે છે. જુઓ જુઓ, પગ કેવો ખેંચે છે?”

ભટજી કહે : “હા હોં, બિચારાનો પગ કશાકમાં ફસાઈ ગયો હોય એમ લાગે છે.”

ફુસકી મિયાં એકદમ દોડ્યા.

તેથી હરણ વધારે ફફડી ગયું. આમતેમ ભાગવા ઘણી ખેંચાખેંચી કરવા માંડ્યું, પણ એનો પગ એવો બંધાઈ ગયેલો કે છૂટો થતો જ નહોતો.

એનો પગ છોડાવવા ફુસકી મિયાં દોડી ગયા.

હરણ પાસે જઈને નીચે બેસી પડ્યા. પોતે હાથ લાંબો કરીને મહેનત કરવા લાગ્યા. ત્યાં ઘાસ વધારે હતું તેથી દેખાતું નહોતું કે પગ શામાં ફસાઈ ગયો છે. હરણ તો ખેંચાખેંચીમાં બેબાકળું બની ગયું હતું. ફુસકી મિયાંએ ઘાસમાં હાથ ઘાલ્યો. હરણના પગે હાથ અડક્યો. નવાઈ લાગી કે એક દોરડા જેવું હાથમાં આવ્યું. હા, હાથ ફેરવીને જોયું તો એમાં હરણનો પગ ફસાઈ ગયો હતો. મિયાંએ તરત જ દોરડું કાપવા ભેઠમાંથી છરી કાઢી. ત્યાં સામે કિનારેથી કોઈએ બૂમ પાડી.

ભટજી બોલી ઊઠ્યા કે પાછા આવો મિયાં, કોક બૂમ પાડે છે.

શું બૂમ પાડે છે એ સમજાયું નહીં. બૂમ સાંભળી એટલે ભટજી ગભરાયા.

